RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 116 * Date: 15.02.2025,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ટ્રમ્પની ભારતના ૧૧ લાખ કરોડના ઓઈલ ઈમ્પોર્ટ પર નજર, રશિયાને ઝટકો આપવાની તૈયારી



વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરીને ભારત પરત ફર્યા છે. આ દરમિયાન તેમણે ક્રૂડના સોદાનો મુદ્દો જોરશોરથી ઉઠાવ્યો છે. ટ્રમ્પે પીએમ મોદી સાથે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, અમારી પાસે અન્ય દેશોની તુલનાએ વધુ ક્રૂડ અને ગેસ છે. તેમને (ભારતને) બંનેની જરૂરીયાત છે અને તે અમારી પાસે છે.ટ્રમ્પે વેપારી નીતિ અંગે કહ્યું કે, 'અમે ભારત સાથે કામ કરવાની યોજના બનાવી છે. અમે ભવિષ્યમાં ભારત સાથે મોટા સમજૂતી કરારની જાહેરાત કરવાના છીએ.'પીએમ મોદીએ ટ્રમ્પના નિવેદન પર પ્રતિક્રિયા આપતી કહ્યું કે, 'રાષ્ટ્રપતિ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રીય હિતને હંમેશા સર્વોચ્ચ માને છે અને તેમની જેમ હું પણ ભારતના રાષ્ટ્રીય હિતોને સર્વોચ્ચ રાખું છું. ત્યારબાદ ટ્રમ્પે કહ્યું કે, 'અમારી પાસે વાત કરવા માટે કેટલીક મહત્ત્વની બાબતો છે. ભારત અમેરિકા પાસેથી બહોળા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ અને ગેસ ખરીદવાનું છે. વિશ્વના કોઈપણ દેશની તુલનાએ અમારી પાસે સૌથી વધુ ક્રૂડ અને ગેસ છે. ભારતને તેની જરૂર છે અને અમારી પાસે તે છે. અમારા બંને વચ્ચે ઉર્જા પર સમજૂતી થઈ છે, જેનાથી આપણે ભારતમાં તેલ અને ગેસના અગ્રણી સપ્લાયર બનીશું..ભારત દર વર્ષે અન્ય દેશો પાસેથી કેટલી રકમનું પેટ્રોલ-ડિઝલ ખરીદે છે? તેની વાત કરીએ તો આ આંકડો ૧૩૨ અબજ ડૉલર એટલે કે ૧૧ લાખ કરોડ છે. ભારત ચીન અને અમેરિકા બાદ ક્રૂડ ઓઈલ ખરીદનાર વિશ્વનો ત્રીજો મોટો દેશ છે. જોકે ભારત ૮૦ ટકા ક્રૂડ અન્ય દેશોમાંથી મંગાવે છે અને તે માટે ૨૦૨૪માં ૧૧ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવો પડ્યો છે. તેથી જ ભારતની ક્રૂડ શોપિંગ પર ટ્રમ્પની નજર છે.અમેરિકા ઈચ્છે છે કે, ભારત પોતાની જરૂરીયાતમાંથી વધુમાં વધુ ક્રૂડ તેની પાસેથી ખરીદે. ક્રૂડ ઓઈલમાં ભારતની ખરીદ ક્ષમતા એટલી વિશાળ છે કે, તે કોઈપણ દેશને ડોલરથી માલામાલ કરી શકે છે.

## ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રાઇઝ મનીની જાહેરાતઃ વિજેતાને મળશે કરોડો રૂપિયા, સેમિફાઇનલ રમનારી ટીમો પણ થશે માલામાલ

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની શરૂઆતમાં હવે એક અઠવાડિયાથી પણ ઓછો સમય બાકી છે. આ વખતે આ ટુર્નામેન્ટ પાકિસ્તાનની મેજબાનીમાં 'હાઈબ્રિડ મોડલ' હેઠળ રમાવાની છે. આની મેચ પાકિસ્તાનના ત્રણ શહેરો (લાહોર, રાવલપિંડી, કરાચી) અને દુબઈમાં થશે. ટુર્નામેન્ટની શરૂઆત ૧૯ ફેબ્રુઆરીએ કરાચીમાં પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડની વચ્ચેની મેચથી થશે. ટીમ ઈન્ડિયા પોતાની પહેલી મેચ ૨૦ ફેબ્રુઆરીએ દુબઈમાં બાંગ્લાદેશ સાથે રમશે.

હવે ચેમ્પિયન્સ ટ્રોફી માટે આઈસીસીએ પ્રાઈઝ મનીની જાહેરાત કરી દીધી છે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની વિજેતા ટીમને ૨.૨૪ મિલિયન ડોલર (લગભગ ૧૯.૪૬ કરોડ રૂપિયા) મળશે. ઉપવિજેતા ટીમને ૧.૧૨ મિલિયન ડોલર (લગભગ ૯.૭૩ કરોડ રૂપિયા) મળશે. સેમિફાઈનલ હારનારી બંને ટીમને એક સમાન ૫૬૦,૦૦૦ ડોલર (લગભગ ૪.૮૬ કરોડ રૂપિયા) મળશે.

ચેમ્પિયન્સ ટ્રોફીમાં દરેક મેચ મહત્ત્વની રહેશે. ગ્રૂપ સ્ટેજમાં મેચ જીતવા પર ટીમને ૩૪૦૦૦ ડોલર (લગભગ ૨૯.૫૩ લાખ રૂપિયા) મળશે. જ્યારે પાંચમાં અને છઠ્ઠાં સ્થાન પર રહેનારી ટીમને એક સમાન




૩૫૦૦૦૦ ડોલર (લગભગ ૩.૦૪ કરોડ રૂપિયા) મળશે જ્યારે સાતમાં અને આઠમાં સ્થાન પર રહેનારી ટીમને એક સમાન ૧૪૦૦૦૦ (લગભગ ૧.૨૨ કરોડ રૂપિયા) ડોલર મળશે. આ સિવાય તમામ આઠ ટીમને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ૧૨૫૦૦૦ ડોલર (લગભગ ૧.૦૯ કરોડ રૂપિયા) ની ગેરંટી આપવામાં આવશે. આઈસીસી આ ટુર્નામેન્ટમાં કુલ ૬.૯ મિલિયન ડોલર (લગભગ ૬૦ કરોડ રૂપિયા) ની ઈનામી રકમ વહેંચશે. આ ૨૦૧૭ની તુલનામાં ૫૩ ટકા વધુ છે.

## સમય અને રણવીર બાદ વધુ એક યુટ્યુબર ફસાયો

હાલમાં જ રણવીર અલ્હાબાદિયાને તેના નિવેદનને લઈને ઘણો ટ્રોલ થઇ રહ્યો છે. હવે આવા જ એક મામલામાં એલ્વિશ યાદવની મુશ્કેલી પણ વધી ગઈ છે. થોડા દિવસો પહેલા જ એલ્વિશ યાદવે બિગ બોસ ૧૮ની કન્ટેસ્ટન્ટ ચૂમ દરાંગ વિશે તેના પોડકાસ્ટમાં મજાક કરી હતી. આ પોડકાસ્ટમાં તેમની સાથે રજત દલાલ પણ સામેલ હતા. તેણે ચૂમ ઉત્તર પૂર્વની હોવાને લઈને તેના પર જાતિવાદી ટિપ્પણીઓ પણ કરી છે.હવે આ મામલે રાષ્ટ્રીય મહિલા આયોગ દ્વારા એલ્વિશ યાદવને સમન્સ પાઠવવામાં આવ્યું છે, જેમાં તેમને ૧૭મી ફેબ્રુઆરીએ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. એલ્વિશે ચૂમના નામ અને તેની ફિલ્મોની મજાક પણ ઉડાવી હતી. યુટ્યુબરે કહ્યું કે તેના નામમાં જ અશ્લીલતા છે, જુઓ તેનું નામ ચૂમ છે અને તેણે શું કામ કર્યું છે. આના જવાબમાં રજત દલાલે 'ગંગુબાઈ'નું નામ લીધું હતું.

યુટ્યુબરે તેના યુટ્યુબ શો 'ફોર્ડકાસ્ટ વિથ એલ્વિશ'માં કહ્યું હતું કે કરણવીરને ચોક્કસપણે કોવિડ છે, કારણ કે કોઈ પણ ચૂમને કેવી રીતે પસંદ કરી શકે, તેનો ટેસ્ટ ખરાબ છે. તેના નામમાં જ અશ્લીલતા છે. તેનું નામ ચૂમ છે અને તેણે ગંગુબાઈમાં કામ કર્યું છે.' એલ્વિશ યાદવની આ જાતિવાદી ટિપ્પણી સાંભળ્યા બાદ યુઝર્સે તેની ખૂબ ટીકા કરી હતી. ચૂમ દરાંગના નજીકના મિત્ર કરણવીર મહેરાએ પણ આ જાતિવાદી ટિપ્પણી પર પોતાની પ્રતિક્રિયા આપી હતી. ચૂમે એલ્વિશના નિવેદન



પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'કોઈની ઓળખ અને નામની મજાક ઉડાવવી એ મજાકની વાત નથી. કોઈને તેમની સિદ્ધિઓ વિશે ચિડાવવામાં કોઈ મજા નથી. આ સમય છે કે આપણે બધાએ રમૂજ અને નફરત વચ્ચે એક લાઈન બનાવવી જોઈએ.'અભિનેત્રીએ આગળ લખ્યું, 'સૌથી દુઃખની વાત એ છે કે તે માત્ર મારી જાતિયતા વિશે જ નથી. મારી મહેનતની સાથે સંજય લીલા ભણસાલીના વિઝનનો પણ અનાદર કરવામાં આવ્યો છે.' એલ્વિશ યાદવની જાતિવાદી ટિપ્પણીથી ગુસ્સે થયેલા ચૂમ દરાંગના ફેન્સ યુટ્યુબરને ટ્રોલ કરી રહ્યા છે અને માફી માંગવા કહ્યું છે.

## સુરત પાલિકાના અઠવા ઝોનમાં ૧૫૦થી વધુ ઝુંપડાના ડિમોલિશનની વાત વચ્ચે ઝુંપડાવાસીઓનો મોરચો

સુરત પાલિકાના અઠવા ઝોન વિસ્તારમાં આવેલી ખાડીના વિકાસ માટે ખાડી કિનારે આવેલી ઝૂંપડપટ્ટીના ડિમોલીશન માટેની તૈયારી થઈ રહી છે. પાલિકા દ્વારા ડિમોલીશનની તૈયારી શરુ કરતાં ઈન્દિરા નગર અને રસુલાબાદ નગરના રહેવાસીઓએ વૈકલ્પિક વ્યવસ્થાની માંગણી સાથે અઠવા ઝોન પર મોરચો લઈ પહોંચ્યા હતા. અસરગ્રસ્તો ૩૫ વર્ષથી વધુ સમયથી વસવાટ કરે છે અને અચાનક બેઘર થાય તેવી શક્યતા છે તેવો ભય વ્યક્ત કર્યો હતો.

સુરત પાલિકાના અઠવા ઝોનમાં ભટારમાં ખાડી કિનારે ૩૫ વર્ષથી સ્લમ વિસ્તાર એવા ઈન્દિરા નગર અને રસુલાબાદ નગરમાં ૧૫૦થી વધુ પરિવારો વસવાટ કરે છે. હાલમાં અઠવા ઝોન દ્વારા ખાડીના વિકાસ માટે ખાડી કિનારાની વસાહતના ડિમોલીશન માટે તૈયારી કરી રહી છે. પાલિકા દ્વારા ડિમોલિશનની તૈયારી કરવામાં આવી રહી છે. આ વાત બહાર જતા ઈન્દિરા નગર અને રસુલાબાદ નગરના રહેવાસીઓના જીવ તાળવે ચોંટ્યા છે. તેઓ પુર્વ કોર્પોરેટર સાથે મળીને અઠવા ઝોનમાં મોરચો લઈ પહોંચ્યા હતા.

તેઓએ જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા દ્વારા અગાઉ માનવતાના ધોરણે શ્રમજીવીઓને ઇડબલ્યુએસ આવાસની ફાળવણી કરવામાં આવી હોવા છતાં આ કિસ્સામાં અઠવા ઝોન દ્વારા આ સંદર્ભે કોઈ હકારાત્મક અભિગમ દાખવવામાં આવ્યો નથી. તેથી વસવાટ કરનારાઓએ વૈકલ્પિક વ્યવસ્થાની માંગણી કરી છે. આજે મોટી સંખ્યામાં શ્રમજીવીઓ દ્વારા અઠવા ઝોન કચેરીએ સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ઝોન કચેરીએ પહોંચેલા સ્થાનિકોએ વિકાસ કાર્યમાં નડતર રૂપ ઝૂંપડાઓ દૂર કરવાની સાથે પરિવારજનોને વૈકલ્પિક ઇડબલ્યુએસ આવાસની ફાળવણી કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

## સરકારી વીજ કંપનીઓ ૧.૩૦ કરોડ ગ્રાહકોને વીજળીના ચાર્જમાં ૪૫ પૈસાની રાહત આપશે

ગુજરાતની ચાર સરકારી વીજ કંપનીઓના ૧.૩૦ કરોડથી વધુ વીજ ગ્રાહકોને બપોરે ૧૧ વાગ્યાથી માંડીને ત્રણ વાગ્યા સુધીમાં વીજળીના થનારા વપરાશના ચાર્જમાં યુનિટદીટ ૪૫ પૈસાની રાહત આપવાનો દરખાસ્ત ગુજરાત વીજ નિયમન પંચ સમક્ષ રજૂ કરવામાં આવેલી ૨૦૨૫-૨૬ના વર્ષની ટેરિફ પીટીશનમાં જણાવવામાં આવ્યું છે. આ જ રીતે પ્રીપેઈડ સ્માર્ટ મીટર લગાડનારાઓને તેમના સંપૂર્ણ યુનિટના બિલ એટલે કે એનર્જી ચાર્જના બિલમાં બે ટકાની રાહત આપવામાં આવશે. આમ સ્માર્ટ મીટર લગાડનારનું એનર્જી બિલ રૂા. ૫૦૦૦ આવે તો તેને રૂા. ૧૦૦ની રાહત આપવામાં આવશે. આ રાહતને વીજ વપરાશના સમયગાળા સાથે કોઈ જ નિસબત નથી. ૨૦૨૫-૨૬ના વર્ષના વીજદર વધારાની દરખાસ્ત સાથે આ રાહત આપવાની જાહેરાત કરવામાં



આવી છે.ગુજરાત સરકારની ચાર વીજ કંપનીઓની આ દરખાસ્ત માન્ય થશે તો પહેલી એપ્રિલ ૨૦૨૫થી આ લાભ આપવાનું ચાલુ કરી દેવામાં આવશે. બીજા શબ્દોમાં કહીએ તો વીજ વપરાશકારોને સ્માર્ટ પ્રી પેઈડ મીટર લગાડવા માટે પ્રેરવાનું પગલું આ ઓફર આપીને લેવામાં આવ્યું હોવાનું માની શકાય છે. આ દરખાસ્ત સહિતની સમગ્ર ટેરિફ પીટીશન અંગે ગ્રાહકો અને ગ્રાહકોના હિતમાં કામ કરતી સંસ્થાઓના અભિપ્રાય પણ મંગાવવામાં આવ્યા છે.

ખેતી વાડી સિવાયના હેતુઓ માટે હાઈ ટેન્શન, લૉ ટેન્શન, એન.આર.જી.પી. કે પછી ઈ.વી.સી.એસ.ની કેટેગરીમાં આવતા વીજ જોડાણ લેનારા દરેક વીજ ગ્રાહકોને બપોરે ૧૧ વાગ્યાથી ત્રણ વાગ્યાના સમયગાળામાં વપરાનારી વીજળીના યુનિટ દીઠ ચાર્જમાં યુનિટે ૪૫ પૈસાની રાહત આપવામાં આવશે. પરંતુ તેને માટે સ્માર્ટ મીટર લગાડવું જરૂરી છે. કારણ કે સ્માર્ટ મીટરથી જ દિવસના કયા સમયગાળામાં કેટલી વીજળીનો ઉપયોગ કરવામાં આવ્યો તેનો રેકોર્ડ તૈયાર કરી શકાય છે. હા, સ્માર્ટ મીટર લગાડનારાઓ પાસે સિંગલ ફેઝના જોડાણ માટે મહિને રૂા.૧૧૦ અને થ્રી ફેઝના જોડાણ માટે મહિને રૂા.૧૫૦ લેવામાં આવશે. જોકે સ્માર્ટ મીટર લગાડવાનો કોઈ જ ચાર્જ લેવામાં આવશે નહિ. સ્માર્ટ મીટર બેસાડનારને યુનિટદીઠ એનર્જી ચાર્જમાં બીજું બે પૈસાનું રાહત આપવામાં આવશે.

તેની સાથે જ ૧૧ કિલોવોટનો વીજપુરવઠો મેળવતા અને ૩૩ કિલોવોટથી વધુના દબાણ પર વીજપુરવઠો મેળવતા ગ્રાહકોને પણ વર્તમાન વીજદરમાં આપવામાં આવતા રિબેટમાં વધારો કરવાની દરખાસ્ત મૂકવામાં આવેલી છે. ગુજરાતની સરકારી વીજ કંપનીઓના તમામ ગ્રાહકોને આ લાભ મળશે

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત, હવે ઉમેદવારો ડોર-ટુ-ડોર પ્રચાર કરશે

ગુજરાતમાં આગામી ૧૬ ફેબ્રુઆરીએ ૬૬ નગરપાલિકા, ૩ તાલુકા પંચાયત અને ૧ મહાનગર પાલિકાની સ્થાનિક સ્વરાજની ચૂંટણી થવાની છે, ત્યારે હવે રાજકીય પક્ષે જાહેરમાં ચૂંટણી પ્રચાર કરી શકશે નહી. જો કે, ઉમેદવારો ડોર ટુ ડોર જઈને મતદાન માટે અપીલ કરી શકશે. જ્યારે મતદાન પૂર્ણ થયા બાદ આગામી ૧૮ ફેબ્રુઆરીના રોજ ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવશે.

રાજ્યમાં ૧૬ ફેબ્રુઆરીથી સ્થાનિક સ્વરાજની ચૂંટણી થવાની છે. જેમાં સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીમાં મતદાન થશે. મતદારો ઓળખ માટે ચૂંટણી કાર્ડ ઉપરાંત અન્ય ૧૨ વૈકલ્પિક દસ્તાવેજોથી પણ મતદાન કરી શકાશે. રાજ્ય ચૂંટણી આયોગના કમિશ્નર ડૉ. એસ. મુરલી ક્રિષ્નાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં જૂનાગઢ મહાનગર પાલિકા, ૬૬ નગર પાલિકા, ૩ તાલુકા પંચાયતની ચૂંટણી યોજવામાં આવશે. આ સિવાય અમદાવાદ, ભાવનગર, સુરત મહાનગર પાલિકાની ૩ ખાલી પડેલ બેઠકની ચૂંટણી યોજાશે. ખેડા જિલ્લા પંચાયતની ચૂંટણી હાલ જાહેર નથી કરાઈ. આ સિવાય ધાનેરા નગરપાલિકાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર નથી કરાયો. બોરસદ, સોજીત્રા જેમાં ઝ્ઝની ભલામણ મુજબ હજી રિઝર્વેશન નક્કી થયું નથી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૧૯ લાખ જેટલા મતદારો મત આપશે. સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના તમામ એકમો માટે તા.૦૧-૦૨-૨૦૨૫ સુધીમાં કુલ ૭૦૩૬ ઉમેદવારી પત્રો રજૂ થયા હતા. જેમાંથી ૧૨૬૧ અમાન્ય અને ૫૭૭૫ ઉમેદવારી પત્રો માન્ય રહ્યા હતા. જ્યારે ૪૭૮ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પરત ખેંચ્યા. કુલ ૨૧૩ બેઠકો બિનહરીફ થઈ. આમ કુલ ૫૦૮૪ ઉમેદવારો હરિફાઇમાં છે. જૂનાગઢ મહાનગરપાલિકાના ૧૫ વોર્ડોની કુલ ૬૦ બેઠકોમાંથી ૮ બેઠકો સંપૂર્ણ બિનહરીફ છે, જ્યારે બાકી રહેલી બેઠકો માટે કુલ ૧૫૭ ઉમેદવારો વચ્ચે હરીફાઈમાં ચૂંટણી યોજાશે.

## તંત્રી લેખ....

# નિકાસમાં ૪૦ ટકા વધારા સાથે ઓટો ઉદ્યોગ માટે ૨૦૨૫ની પ્રોત્સાહક શરૂઆત

નિકાસની દ્રષ્ટિએ દેશના ઓટો ઉદ્યોગ માટે ૨૦૨૫ના વર્ષનો મજબૂત પ્રારંભ થયો છે. ઊતારૂ વાહનો, ટુ વ્હીલર્સ તથા થ્રી વ્હીલર્સની નિકાસમાં ગયા મહિને દ્વીઅંકી વૃદ્ધિ જોવા મળી છે જ્યારે ઓટોની એકંદર નિકાસ ગયા વર્ષના જાન્યુઆરીની સરખામણીએ ૪૦ ટકાથી વધુ રહી છે. વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ઊતારૂ વાહનો, ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ સહિતના વિવિધ વાહનોનું એકંદર ઉત્પાદન વાર્ષિક ધોરણે ૯.૩૦ ટકા વધી ૨૫,૪૬,૬૪૩ વાહનો રહ્યું હતું. ઘરઆંગણે હોલસેલ રવાનગી ૨.૫૦ ટકા વધી ૧૯,૩૫,૬૯૬ એકમ રહી હતી જ્યારે વાહનોની નિકાસ ૪૦.૨૦ ટકા વધી ૪,૬૨,૫૦૦ એકમ રહ્યાની પ્રાપ્ત ડેટામાં જણાવાયું હતું.

વાહનોની એકંદર નિકાસમાં સૌથી વધુ નિકાસ ૩,૮૦,૫૨૮ સાથે ટુ વ્હીલર્સની રહી છે. ટુ વ્હીલર્સની નિકાસમાં વાર્ષિક ધોરણે ૪૬.૨૦ ટકા ઊંચી રહી છે. ઊતારૂ વાહનોની નિકાસ ૧૭ ટકા જ્યારે થ્રી વ્હીલર્સની ૨૦ ટકા જેટલી વધી છે. ઉત્પાદન એકમો ખાતેથી ડીલરો ખાતે ઊતારૂ વાહનોની રવાનગી જાન્યુઆરીમાં વાર્ષિક ધોરણે ૧.૬૦ ટકા વધી ૩,૯૯,૩૮૬ રહી હોવાનું ઉદ્યોગ સંસ્થા સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેકચરર્સ (સિઅમ)ના ડેટા જણાવે છે. યુટિલિટી વ્હીકલની મજબૂત માગને કારણે આ વધારો જોવા મળ્યો છે. ગયા વર્ષના જાન્યુઆરીમાં ઊતારૂ વાહનોની હોલસેલ રવાનગી ૩,૯૩,૦૭૪ રહી હતી.ટુ વ્હીલર્સની રવાનગી ૨ ટકા વધી ૧૫,૨૬,૨૧૮ રહી હતી. થ્રી વ્હીલર્સની રવાનગી ૭.૭૦ ટકા વધી ૫૮૧૬૭ રહ્યાનું પણ સિઅમના ડેટા જણાવે છે.

# આવકવેરા ધારાની કલમોમાં સુધારો કરવાની સંપૂર્ણ સત્તા સીબીડીટીને હસ્તક

અમદાવાદ : ગુરૂવારે સંસદમાં રજૂ થનારા આવકવેરા ધારાને નવો ઓપ આપવા માટેના સૂચિત બિલના પાનાં નંબર ૫૯૯ પર આપવામાં આવેલી ક્લોઝ ૫૩૩માં સૂચવવામાં આવેલી જોગવાઈ મુજબ આવકવેરા ધારાની કલમમાં સુધારો કે ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસને આપવામાં આવી હોવાનો નિર્દેશ મળી રહ્યો છે. આવકવેરાના કાયદાના અનુસંધાનમાં તમામ નિયમો તૈયાર કરવાની પૂર્ણ સત્તા પણ સીબીડીટીને આપી દેવામાં આવી છે. તેમ જ કોમ્પ્લાયન્સ માટેના પગલાં લેવા અને ડિજિટલ ટેક્સ મોનિટરિંગની વ્યવસ્થા કરવાને લગતા દરેક પગલાં લેવાની સીબીડીટને સ્તા આપવામાં આવી છે. તેને માટે સંસદમાં કાયદાકીય સુધારાઓ કરાવવાની જરૂરિયાત રહેશે નહિ. બીજા શબ્દોમાં કહીએ તો લોકોનું પ્રતિનિધિત્વ કરતી સસદ કરતાંયે વધુ સત્તા સીબીડીટીને આપી દીધી હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. હા, સરકાર તેના પર નજર જરૂર રાખશે. બહુધા જવાબદારી સીબીડીટીને માથે નાખવામાં આવી છે. નવા ખરડામાં ટેક્સ પેયર્સ ચાર્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

નવા સૂચિત ખરડાની ક્લોઝ ૫૨૬માં ફેરફાર કરીને નવી વેરા સંહિતા સામે ઈન્કમટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ સિવાયની કોઈપણ કોર્ટમાં આવકવેરા એક્ટની વિરુદ્ધમાં કેસ કરી શકાશે નહિ, એમ વેરાના જાણકાર પ્રમોદ પોપટનું કહેવું છે. બીજા શબ્દોમાં કહીએ તો આ કાયદા હેઠળ લેવામાં આવેલા પગલાંને અન્ય કોઈ કોર્ટમાં પડકારી શકાશે નહિ. ફાઈનાન્શિયલ યર અને આકારણી વર્ષની જગ્યાએ ટેક્સ યરનો લાવવામાં આવ્યું છે. નાણાંકીય વર્ષ અને આકારણી વર્ષમાં ભૂલ થઈ જતી હોવાની આ સુધારો કરવામાં આવ્યો હોવાનું જણાય છે. જૂના કાયદામાં કુલ મળીને ૫૩૬ કલોમો હતી તે ઘટાડીને ૨૯૮કલમ કરી દેવામાં આવી છે. તેમ જ શિડયુલ ૧૪ હતા તે વધારીને ૧૬ કરી દેવામાં આવ્યા છે. આ જ રીતે જૂનો કાયદો અંદાજે ૮૮૦ પાનાંનો હતો તે ઘટાડીને આજે ૬૨૨ પેજનો કરી દઈને તેમાં ૨૩ ટકાનો ઘટાડો કરી દેવામાં આવ્યો છે. આજ રીતે ટેક્સ ઓડિટની લિમિટ અત્યારે રૂા. ૧ કરોડ છે તે વધારીને રૂા. ૫ કરોડ કરવામાં આવી છે. ડૉક્ટર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એન્જિનિયર સહિતના પ્રોફેશનલ્સની અત્યારે રૂા. ૫૦ લાખ સુધીની આવક ઓડિટને પાત્ર ગણાતી નહોતી તે વધારીને રૂા. ૧ કરોડ કરવામાં આવી છે. તેમ જ ૮ ટકા ઉચ્ચક વેરા જમા કરાવીને ચોપડા ન રાખવાની છૂટ આપતી સિસ્ટમમાં અત્યાર સુધી રૂા. ૨ કરોડની મર્યાદા રાખવામાં આવી હતી. આ મર્યાદા વધારીને નવા સૂચિત કાયદામાં રૂા. ૩ કરોડ કરવામાં આવી છે.

આવકવેરાનો નવો કાયદો અમલમાં આવતો જૂનો ૧૯૬૧નો કાયદો આપોઆપ જ રદ થઈ જશે. ખેતીની આવકની વ્યાખ્યમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી.જૂના આવકવેરા ધારામાંની કલમ ૪૪એડી કાઢી નાખીને પ્રીઝમ્પ્ટિવ ટેક્સ માટે નવી કલમ ૫૮ ઉમેરવામાં આવી છે. આમ તેની સામે સૂચિત ખરડામાં નવી કલમ ૫૮ દાખલ કરવામાં આવી છે. એકાઉન્ટન્ટની વ્યાખ્યમાં સ્પષ્ટતા કરીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને જ આ કેટેગરીમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાથી નિષ્ણાત કરીમ લાખાણીનું કહેવું છે. તેમાં કોસ્ટ એકાઉન્ટન્ટને ગણતરીમાં લેવામાં આવશે નહિ તેવો નિર્દેશ મળી રહ્યો છે. વ્યક્તિગત અને હિન્દુ અવિભક્ત પરિવારના કરદાતાઓ માટે આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૩૧મી જુલાઈ જ રાખવામાં આવી છે.

# વટાણાની ડયુટી મુક્ત આયાત બંધ થવાનો કેન્દ્ર સરકારનો સંકેત

કેન્દ્ર સરકાર સફેદ વટાણાની ડયુટી મુક્ત આયાત બંધ કરશે એવો સંકેત કેન્દ્રના અન્ન અને નાગરિક પુરવઠા તેમ જ ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ આપ્યો છે. ચણાના ઊંચા ભાવોને લઈ મોંઘવારી સામે લોકોને રક્ષણ માટે સરકાર દ્વારા અગાઉ જૂન ૨૦૨૪થી દેશમાં ડયુટી ફ્રી આયાતની અપાયેલી મંજૂરી હવે દેશમાં જુલાઈ ૨૦૨૪થી જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન ૨૬ લાખ ટન જેટલી પીળા વટાણા (જે અંદરથી સફેદ હોય છે)ની આયાત થઈ ગઈ હોઈ અને માલભરાવાની સ્થિતિને લઈ ડયુટી ફ્રી આયાત અટકાવવામાં આવે એવી શકયતા છે.દિલ્હી ખાતે યોજાયેલા કઠોળ પરના કોન્કલેવ ૨૦૨૫ની સાથે સાથે તેમણે આ બાબતનો સંકેત આપ્યો હતો. આ મામલે વિવિધ ખાતાના મંત્રીઓની મીટિંગમાં આ મામલે નિર્ણય લેવાય એવી શકયતા છે. આજે મોડી સાંજે આ બાબતે મીટિંગમાં વટાણાની આયાત પર કેટલી ડયુટી લાગુ કરવી એ વિશે વિચારણા થવાનું સુત્રોએ જણાવ્યું હતું. આ વિશે એક અન્ય અધિકારીએ પોતાની ઓળખ નહી આપવાની શરતે જણાવ્યું હતું કે, પીળા વટાણા( જે અંદરથી સફેદ હોય છે)ની આયાત પર ૧૦થી ૨૦ ટકા આયાત ડયુટી લાગુ કરવા ચર્ચા થઈ રહી છે. એક તરફ સરકાર કઠોળમાં ભારતને આત્મનિર્ભર બનાવવા પર ફોક્સ કરી રહી છે, ત્યારે બીજી બાજુ તુવેર અને ચણા બન્નેના ભાવો નીચા રાખવાની નીતિ અપનાવી રહી છે, ત્યારે હવે આ નીતિની સમીક્ષા થવાની શકયતા છે.આ દરમિયાન દેશમાં વટાણાની ડયુટી ફ્રી આયાતની જૂન ૨૦૨૪માં મંજૂરી બાદથી બહુરાષ્ટ્રીય કંપનીઓએ ગજા બહારની આયાત કરી લીધી હોવાનું અને હવે આ જ કંપનીઓ સરકાર પાસે ડયુટી લાદવા માંગ કરી રહ્યાનું સૂત્રો જણાવી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે, અગાઉ સરકારે પીળા વટાણાની ડયુટી ફ્રી આયાતને ૩૧, ડિસેમ્બર ૨૦૨૪ સુધી મંજૂરી આપી હતી. જે મુદ્દત લંબાવીને ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવી હતી.

# રાજુ ગમે તે ઊંમરની મળે તેને પરણી જા, નહીંતર લીલ પરણાવવી પડશે-અમારું અલ્ટિમેટમ!!!

" રાજુ તારો બાયો ડેટા-રીઝયુમ કયાં છે??"મે આજે ઉલ્ટી ગંગા વહાવી .હું રાજુ રદીને ઘરે ખાબક્યો. તૂટેલી ખાટલીમાં ડુક્કરની જેમ રાજુ ઘોરતો હતો. તેનું મેલું ગોદડું ગટર ગંગાની દુર્ગંધની ગરજ સારતું હતું. તેના વાળ શાહુડીના પીછા જેવા ઉભા થઇ ગયેલા.મેં તેવું ગોદડું ખેંચ્યું. ગોદડામાંથી ખાંડી ધૂળ ઉડી. ગોદડું બનાવ્યા પછી લગભગ ધોયું નહીં હોય. આમ, રાજુ રદીએ ૦જળ એ જીવન છે. પાણી બચાવો, પાણી તમને બચાવશે 'ને ચરિતાર્થ કરેલું. ગેંડા જેવો રાજુ આંખ ચોળતો ઉભો થયો।

" ગિરધરભાઇ આવો. શું કામ હતું? તમે શું કામ તસ્દી લીધી?મને બોલાવી લીધો હોત તો??" રાજુએ પ્રશ્નોના બુકેથી મારું સ્વાગત કર્યું.

" રાજુ. કોક દિવસ તો તારા ઘરની ચા પીવાનો લ્હાવો લેવો જોઇએ કે નહીં??" મેં પણ રાજુને સવાલથી કોથળામાં પાંચશેરી ફટકારી.

" મમ્મી હાઇકલાસ ચા બનાવ. ગિરધરભાઇએ આપણું આંગણું પાવન કર્યું . ધનભાગ આપણા કે ગિરધરભાઇ આપણે ત્યાંા પધાર્યા." રાજુ રદીએ તેની માને સૂચના આપી . તેની મા 'ગિરધરભાઇ જે શ્રી કરશણ 'કહેતા ચા-નાસ્તો મુકી ગયા.

" બોલો, મારા બાયોડેટાની કેમ જરૂર પડી?? ક્યાંય નોકરી માટે આપવાનો છે??" રાજુએ ઓડિટર જનરલ જેવો સવાલ કર્યો.

" તારા બાયોડેટા નોકરી માટે નહીં પણ તારા હાથ પીળા કરવા માટે જોઇએ છે!!" " હું સીધો મૂળ વાત પર આવ્યો.

" કોઇ છોકરી તમારા ધ્યાનમાં છે??કેટલું ભણી છે? દેખાવમાં કેવી છે?? રંગરૂપે કેવી છે? હીરોઇન જેવી છે??" રાજુએ મકાઇ ફોડતા હોય તેમ તડતડ સવાલો કર્યા!

"રાજુ. ધીરો પડ. અથરો થઈશ નહીં. બીપી વધી જશે તો છોકરી બાજુમાં રહેશે અને હોસ્પિટલમાં ઇનડોર પેશન્ટ તરીકે ટ્રિટમેન્ટ લેવી પડશે!!" મેં રાજુને સલાહ આપી!!

" આ મારો બાયોડેટા છે. જે કરો એ જલદી કરજો."

રાજુએ વિનંતી કરી.

" રાજુ. જૂના જમાનામાં રાજકુંવરી પરણવા લાયક થાય એટલે વરની શોધ કરવા સ્વયંવર યોજતા હતા. જેમાં દસ વરસના દૂધ પીતા રાજકુમારોથી લઇને સિતેર વરસના શરાબ પિનાર રાજા લાઇન લગાડતા. બિગ બોસ શોમાં ઘરના સભ્યોને ટાસ્ક આપવામાં આવે તે રીતે સ્વયંવરમાં આવેલા ઉમેદવારોને વીસ મિનિટમાં પાંચ કિલો લીલા વટાણા ફોલવા કે મેથીની ભાજીના પાંદડા ચૂંટવા જેવા ઘરેલું ટાસ્ક આપતા હતા. કેટલીક જગ્યાએ રાતના વાસણો માંજવા આપી વાસણ સાફ કરવાની સ્કિલની ચકાસણી કરવામાં આવતા હતા. બાકી મત્સ્યવેધ કરવા કે શિવજીનું ધનુષ ઉપાડવા જેવા પીએચડી પ્રકારના ટાસ્ક રાજકુમારીને કુંવારી રાખવા માટે જ રાખવામાં આવતા હતા!! જો કે ક્યારેય રાજકુમારો માટે કન્યા પસંદ કરવા સ્વયંવધૂ કાર્યક્રમો રાખવામાં આવતા હોવાના દસ્તાવેજી પુરાવા મળતા નથી. અત્યારે શાકભાજી લેવો જતો યુવક શાકવાળના પ્રેમમાં ઊંધેકાંધ પડે છે તેન રાજકુમાર મૃગયા કરવા જાય તો ભલે દેડકો મારી ન આવે પણ કોઇ કુમારિકાના નયનબાણથી ઘાયલ થઈને આવતા હતા. છોકરીઓ પણ ઓછી ન હતી. બાણાસુરની પુત્રી ઓખાને પ્રદ્યુમ્ન ગમી ગયેલો. ઓખાએ તેની અંતરંગ સંખી ચિત્રલેખાને જણાવેલ.ચિત્રલેખાએ કૃષ્ણ ભગવાનના પૌત્ર પ્રદ્યુમ્નને ખટિયા સાથે કીડનેપ કરાવેલ. જગતમાં એકમાત્ર મહિલા દ્વારા પુરૂષના અપહરણની પહેલી અને છેલ્લી ધટના કમ દુર્ઘટના હતી!!" અમે ઐતિહાસિક તથ્યો રજૂ કર્યા!!

" ગિરધરભાઇ આપણે ક્યારે જવાનું છે??" રાજુની આંખમાં ડાળીએ વળગવાની આશાનો છેલ્લો ચમકારો હતો!!

" અમદાવાદ શહેરમાં પણ એક અનોખો સ્વયંવર યોજાશે. ૫૫ વર્ષની 'કન્યા' ૫૫થી ૬૦ વર્ષના વિધુર અથવા ડિવોર્સી ઉમેદવારોમાંથી 'મુરતિયો' પસંદ કરશે. રવિવારે પાલડી સવારે ૮થી ૧૨ કલાક દરમિયાન આ અનોખા સ્વયંવરનું આયોજન કરાયું છે, જેમાં ઇચ્છુક ઉમેદવારોને બાયોડેટા, ફોટો તથા જન્માક્ષર લઈ હાજર રહેવા જણાવાયું છે અને એની ચોક્કસ નોંધ લેવી કે ઉમેદવારે મહાભારતની જેમ મત્સ્યવેધ કરવાનો નથી. જ્ઞાતિ કે ભણતરનો કોઈ બાદ નથી.જો કે આખરી પસંદગી વિવાહોત્સુક યુવાન વૃધ્ધાની રહેશે. રાજુ તું ફોર્મ ભરી રવિવારે પહોંચી. ખાડામાં પડેલા તારા ગ્રહો જોર કરતા હશે તો તારા પર પસંદગીનો કળશ ઢોળાશે. " અમે રાજુને લગ્નનું ગાજર દેખાડ્યું.

" ગિરધરભાઇ. હું પિસ્તાળીસ વરસનો કાચી કાકડી જેવો કુંવારો ને કન્યા( અરે ભાઇ ઘરચોળું ન પહેરે ત્યાં સુધી સિતેર વરસની સ્ત્રી પણ કન્યા કહેવાય!) પંચાવન વરસની. કયાં મેળ પડશે??"રાજુએ સમસ્યા કહી.

"રાજુ લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય. સચિન કરતા અંજલિ દસ વરસ મોટી છે. પયંગ્મબર સાહેબ કરતાં ખદીજા બીબી પંદર વરસ કરતાં મોટા હતા. આવું બધું કરીશ તો અમારે તારા મર્યા પછી તું કુંવારો હોવાના કારણે લીલ પરણાવવી પડશે!!" મેં કહ્યું ડીગ્રી કોન્વોકેશન સમયે વિધાર્થી ડીગ્રીના રોલ સાથે કૂદે અને કેપ હવામાં ઉછાળે તેમ રાજુ કૂદ્યો . મેં રાજુ રદીના ઘરમાંથી વિદાય લીધી!! ભરત વૈષ્ણવ

# ફિલ્મ 'કેસરી વીર'નું ટીઝર થયું રિલીઝ

સૂરજ પંચોલી, સુનીલ શેટ્ટી, વિવેક ઓબેરોય અને નવોદિત આકાંક્ષા શર્મા અભિનીત કેસરી વીરઃ લેજન્ડ્સ ઑફ સોમનાથનું બહુપ્રતિક્ષિત ટીઝર બહાર આવ્યું છે અને તે અપેક્ષા મુજબ આશાસ્પદ લાગે છે. સૂરજ પંચોલી અભિનીત પીરિયડ ડ્રામા તેમને બહાદુર હમીરજી ગોહિલ તરીકે દર્શાવે છે, એક અગમ્ય યોદ્ધા જેમણે ૧૪મી સદીમાં ગુજરાતમાં સોમનાથ મંદિરને બચાવવા લડ્યા હતા. ટીઝર અભિનેતાને તેની સૌથી તીવ્રતામાં બતાવે છે, જે ફિલ્મની મોટી સ્ક્રીન રિલીઝ માટે સ્ટેજ સેટ કરે છે. તેમાં એડ્રેનાલિન-પેક્ડ એક્શન સિક્વન્સ, શક્તિશાળી સંવાદો અને બહાદુરીની ક્ષણો છે જે આવનારા સમયની ઝલક આપે છે.કેસરી વીરઃ લેજેન્ડ્સ ઑફ સોમનાથ સાથે, સૂરજ પંચોલી તેની હીરો-નેક્સ્ટ-ડોર ઈમેજથી દૂર જાય છે અને એક જટિલ ઐતિહાસિક ભૂમિકા ભજવીને પોતાની જાતને ગતિશીલ અભિનેતા તરીકે સ્થાપિત કરે છે. જો કે ટીઝર માત્ર તેની અભિનય ક્ષમતાની ઝલક આપે છે, તે નિઃશંકપણે પ્રેક્ષકોને ફિલ્મના ટ્રેલરની આતુરતાથી રાહ જોશે. મુખ્ય અભિનેતા




સૂરજ પંચોલી ઉપરાંત, વિવેક ઓબેરોય એક ખૂની ખલનાયકની ભૂમિકા ભજવે છે, જ્યારે સુનીલ શેટ્ટી મંદિરને બચાવવા માટે સૂરજની શોધમાં તેના પાત્રની સાથે છે. આ પીરિયડ ડ્રામામાં આકાંક્ષા શર્મા છે, જે 'કેસરી વીરઃ લેજન્ડ્સ ઓફ સોમનાથ'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરી રહી છે. આ ફિલ્મ ૧૪મી સદી એડીમાં ઐતિહાસિક સોમનાથ મંદિરને ઘુસણખોરોથી બચાવવા માટે લડ્યા અને તેમના જીવનનું બલિદાન આપનારા અગણિત યોદ્ધાઓની વાર્તા કહે છે. પ્રિન્સ ધીમાન દ્વારા દિગ્દર્શિત અને ચૌહાણ સ્ટુડિયો હેઠળ કનુ ચૌહાણ દ્વારા નિર્મિત, આ ફિલ્મ ભવ્ય સેટ પર બાંધવામાં આવી છે અને અદભૂત ભવ્યતાનું વચન આપતા મહેલોને ઝીણવટપૂર્વક બનાવવામાં આવી છે. કેસરી વીરઃ લેજેન્ડ્સ ઑફ સોમનાથ ભારતભરમાં બહુવિધ ભાષાઓમાં રિલીઝ થશે અને ૧૪ માર્ચ, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં આવશે.

# મોદી-ટ્રમ્પની ડીલથી ગભરાયું પાકિસ્તાન! કહ્યું- 'તેઓ સ્થાયી શાંતિ સ્થાપવા માંગતા નથી'

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની મુલાકાત અને બંને નેતાઓ વચ્ચે થયેલી ડિલના કારણે પાકિસ્તાન ટેન્શનમાં આવી ગયું છે. વાસ્તવમાં અમેરિકાએ ભારતને અત્યાધુનિક ફાઈટર જેટ ક્ષ-૩૫ (ક્ષૈપ્નરીત્તિી ક્ષ-૩૫) વેચવાની ઓફર કરી છે, જેના કારણે બંને દેશોના સંબંધો જોઈ પાકિસ્તાનને મરચું લાગ્યું છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે, તેઓ પ્રદેશમાં સ્થાયી શાંતિ સ્થાપવા માંગતા નથી.

ભારતના કટ્ટર સ્પર્ધક અને પડોશી પાકિસ્તાને કહ્યું કે, અમે આ ડિલના કારણે ખૂબ જ ચિંતિત છીએ. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા શફકત અલી ખાને કહ્યું કે, 'આવા પગલાં પ્રદેશમાં લશ્કરી અસંતુલનને વધારે છે અને વ્યૂહાત્મક સ્થિરતાને નબળી પાડે છે. તેઓ પ્રદેશમાં સ્થાયી શાંતિના ઉદ્દેશ્યોને હાંસલ કરવામાં મદદરૂપ નથી.'ટ્રમ્પે ભારતને ફાઈટર જેટ એફ-૩૫ ખરીદવાની ઓફર કરી છે. ટ્રમ્પે પીએમ મોદી સાથે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, 'અમે ભારતને આ વર્ષથી અબજો ડૉલરનું લશ્કરી વેચાણ પુરુ પાડીશું. અમે ભારતને ક્ષ-૩૫ સ્ટીલ્થ ફાઇટર એરક્રાફ્ટ ખરીદવાની ઓફર કરી રહ્યા છીએ.' અમેરિકાએ નાટોના સભ્ય દેશો ઈઝરાયેલ અને જાપાનને ક્ષ-૩૫ ખરીદવાની મંજૂરી આપી છે, ત્યારે હવે ભારત પણ આ ક્લબમાં સામેલ થઈ જશે. આ એરક્રાફ્ટ કોઈપણ સુપરસોનિક ગતિથી ઉડી શકે છે.

# બલૂચિસ્તાનમાં શ્રમિકો ભરેલા ટ્રકમાં પ્રચંડ વિસ્ફોટ, ૧૧ના મોત, અનેક ઈજાગ્રસ્ત

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં ફરી પ્રચંડ વિસ્ફોટ થયો છે. આતંકવાદીઓએ કોલસાની ખાણ કામ કરતા શ્રમિકોને લઈ જઈ રહેલા વાહનને નિશાન બનાવી બોંબ વિસ્ફોટ કર્યો છે, જેમાં ઓછામાં ઓછા ૧૧ના મોત થયા છે. આ પહેલા પણ અહીં અનેક વખત વિસ્ફોટ થઈ ચુક્યા છે.

મીડિયા રિપોર્ટ મુજબ બલુચિસ્તાનના હરનઈમાં ભાયનક વિસ્ફોટ થયો છે. એવું કહેવાય છે કે, એક ટ્રકમાં કોલસાની ખાણમાં કામ કરતા શ્રમિકો ખાણ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન રિમોર્ટ દ્વારા વાહનમાં ભયાનક વિસ્ફોટ કરવામાં આવ્યો છે, જેમાં ઘટના સ્થળે જ ૧૧ લોકોના મોત થયા છે. ઘટનામાં



છ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલીક સ્થાનીક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

એક અધિકારીએ કહ્યું કે, આતંકવાદીઓએ રિમોર્ટથી વિસ્ફોટ કર્યો હતો. હાલ કોઈપણ જૂથે આ હુમલાની જવાબદારી લીધી નથી. આ વિસ્તારના નાયબ કમિશનર હજરત વલી આગાએ કહ્યું કે, જ્યારે વિસ્ફોટ થયો, ત્યારે ટ્રકમાં ૧૧ શ્રમિકો સવાર હતા. સ્થાનીક હોસ્પિટલના એક ડૉક્ટરે કહ્યું કે, ઈજાગ્રસ્તોમાં બેની હાલત ગંભીર છે. ખાણ સમૃદ્ધ બલૂચિસ્તાન, ઈરાન અને અફઘાનિસ્તાનની સરહદ પાસે આવેલી છે. અલગાવવાદી જાતીય બલૂચ જૂથો દ્વારા અહીં અવારનવાર હુમલાઓ અને વિસ્ફોટો કરવામાં આવે છે. આ ઉપરાંત અહીં ઈસ્લામી આતંકવાદી પણ સક્રિય છે. પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં સેના અને પોલીસની બર્બતા વિરુદ્ધ સ્થાનીક લોકો ગુસ્સે થયેલા છે, જેના કારણે અહીં સેના અને બલૂચ બળવાખોરો વચ્ચે અવારનવાર લોહીયાળ અથડામણ થતી રહે છે. આ પહેલા પહેલી ફેબ્રુઆરીએ સેના અને બળવાખોરો વચ્ચે ભયાનક અથડામણ થઈ હતી, જેમાં પાકિસ્તાની સેનાના ૧૮ જવાનોને મોત થયા હતા. અથડામણમાં ૨૩ બળવાખોરોના પણ મોત થયા હતા. આ ઉપરાંત બલૂચોએ હાઈવે પર પણ કબજો કરી લીધો હતો, જેના કારણે સેના લાચાર બની ગઈ હતી.

# રશિયાએ યુક્રેનના પરમાણુ પ્લાન્ટ પર ડ્રોન હુમલો કર્યો, ઝેલેન્સ્કીનો મોટો દાવો



યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ એક મોટો દાવો કરતાં કહ્યું કે રશિયાએ ચેર્નોબિલમાં પરમાણુ રિએક્ટર પર ડ્રોન વડે હુમલો કર્યો છે. આ ડ્રોન પરમાણુ પ્લાન્ટના કવચ પર આવીને પડ્યો હતો. ઝેલેન્સ્કીએ આ ઘટનાને આતંકી હુમલો ગણાવી અને કહ્યું કે આવી રીતે પરમાણુ સ્થળને નિશાન બનાવા ખતરનાક સાબિત થઈ શકે છે. જોકે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ આ હુમલાની પુષ્ટી કરી હતી. ફાયર સેફ્ટી અધિકારીઓએ આ હુમલા બાદ તાત્કાલિક ધોરણે એક્શન લેતાં આગને કાબૂમાં લીધી હતી.રશિયા સામેના યુદ્ધને કારણે યુક્રેનમાં આવેલા પરમાણુ પ્લાન્ટની સુરક્ષા અંગે ચિંતા વધી ગઈ છે. ઝેલેન્સ્કી પણ કહી ચૂક્યા છે કે ન્યૂક્લિયર પ્લાન્ટની સુરક્ષાના જોખમોને ધ્યાનમાં રાખી બેદરકારી ચલાવી લેવાય તેમ નથી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No.371**
વિષય:- મનની આંખે
શીર્ષક:- અદ્ભુત અનુભુતિ
પ્રકાર:- મૌલિક રચના શબ્દો:- ૯૧

જોયું સખી મેં અડધી રાતે એક શમણું રૂડું મનની આંખે.
સ્વપ્ન સૃષ્ટિમાં ભર્યા મેં નિજ હાથે રંગો અવનવા મનની આંખે.

નાની મારી દુનિયાને એમા રાચતા જોયા મારા માને બાપને મેં મનની આંખે,
કરી કેટલીય વાતો ફરિયાદો જાજીને ઠપકા લાડ ભરી આંસુ મનની આંખે.

નાની નાની ખુશી મારીને સુખ દુઃખ પણ અનેક સહ્યા કર્યા એકરાર મનની આંખે,
થઈ મક્કમ હવે બની પરછાઈ એમની પામી વચન હર્ષાશ્રુ વહ્યાં મનની આંખે.

કહે ચાંદની કેટલી અદ્ભુત અનુભુતિ છે જેને માણી મનની આંખે,
ખબર નહીં ફરી ક્યારે થશે મુલાકાત તરસે મન જોવા ફરી માબાપને મનની આંખે.

ભાવના જોષી ચાંદની
વડોદરા હાલ છોટાઉદેપુર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No: 194**
વિષય : મનની આંખે
શીર્ષક : 'હું '.. મારા મનની આંખે જોતા.
પ્રકાર : પદ્ય, શબ્દ : ૯૮

"મનની આંખે હૃદયમાં ઝાંખી, શાંત ચિત્તે વિચારતી હું,
શું પામ્યું કે ગુમાવ્યું? ગણતરી એની કરતી હું.

સહર્ષે ગોઠવણ.. હિસાબી લેવડદેવડની, સરભર કરવા મથતી હું,
માત્ર માત- તાતનો નિસ્વાર્થ પ્રેમ, આ જીવનમાં અનુભવતી હું.

અન્ય સંબંધોમાં સ્વાર્થની એષ્ણા, અત્ર,તત્ર જોતી હું,
સર્વસ્વ સોંપી સઘળું આપી,જીવન જીવવા મથતી હું.

સત્સંગ,પૂજા,પાઠ થકી, સાથ પ્રભુનોજ ઝંખતી હું,
મનોકામનાની પૂર્ણતા પ્રાર્થના વડે, ઈશ્વર પાસે યાચતી હું.

પ્રાપ્ય અંતઃ સ્ફૂરણા થકી મેળવતી, રાહ આગળ વધવાની હું,
અણગમતું દાટી દઈને હૃદયમાં, ગમતીલુ મમળાવીને જીવતી હું .

દિલના ખૂણેખૂણે સંગ્રહિત છે, એ યાદોને સ્મરતી હું,
સમયાંતરે મનની આંખે જોતા, અનુભવે ઉધ્વગતિ કરતી હું."

નામ : ખ્યાતિ જીગર દેસાઈ.(અમદાવાદ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO:- 364***
★વિષય:- મનની આંખો★
★શીર્ષક:- " હે સદાશિવ"★
★પ્રકાર:- પદ્ય, શબ્દો:- ૯૭.★
સ્થૂળ નેત્રોથી દર્શન કરીને ★"મનની આંખોથી"★ દર્શન હો,
★"હે સદાશિવ,★ આપ તો ત્રિનેત્ર છો, આપનું જ અર્ચન હો.
સ્થૂળ .......
કામદહન કાજે આપે ખોલેલું ત્રીજું નેત્ર,મારા સ્વામી,
મુજ ભાલેય જ્ઞાનનેત્રથી ધન્ય થયો છું ત્રીજું નેત્ર પામી,
મારાં આજીવન જીવન - કવન આપનાં ચરણોમાં અર્પણ હો.
સ્થૂળ.......
શંકર છો આપ કલ્યાણ કરનારા ભોળાનાથ છો, પ્રભુ,
ભોળા ભક્તોના નાથ બનીને સૌનું શ્રેય જ કરો છો,શંભુ,
સૂક્ષ્મ નયનોથી શિવમંદિર નિહાળીએ તો ધન્ય દર્શન હો.
સ્થૂળ......
સંહારના દેવ ને સ્મશાનવાસી છો છતાંય આપ કરો છો કૃપા,
શિવમાં ભળેલા જીવની ભસ્મ અંગે લગાડીને કરો છો અપાર દયા,
★"પંકજ"★- પ્રેમભાવથી શિવમય બનીને કરે છે આપનું સમર્પણ હો.
સ્થૂળ..........
★લેખકનું નામ:- મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 383**
વિષય : મનની આંખો
શીર્ષક : મુક્ત ગગને ઉડવું છે...
પ્રકાર : અછાંદસ પદ્ય શબ્દો : ૭૬

★ના વિચાર કે તારું વ્યક્તિત્વ કેટલું મોટું?
ગગન જેટલું છે વિરાટ અસ્તિત્વ તારું..★

સપનાની પાંખો ફેલાવી
મુક્ત ગગને ઉડવું છે.
લક્ષ્યોને પાંખોમાં ભરી
પંખીની જેમ ઉડવું છે.
પછી, આસમાની આભલે
શમણાંનું ચિત્રણ કરવું છે.
મેઘ ધનુષી રંગો ભરી
આભનાં કેનવાસે ઉડવું છે.
બસ, શરત એટલી જ છે
કે પાંખો કાપી,
પછી
પિંજરે પુરાવું નથી.
વિહગ બની
મુક્ત ગગને ઉડવું છે.
જો હું પંખી બનું તો
પીંજરું તોડી ઉડવું છે.
મનની આંખોથી નિરખી
સપનાને હકીકતમાં જીવવું છે.

દર્શના "મીતિ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: *NOG* *SS* *NO.* *0185***
વિષય: ''મનની આંખો''
શીર્ષક : મનની સંવેદના
પ્રકાર : પદ્ય (કાવ્ય ) - શબ્દો : ૧૧૭

મન હોય તો માંડવે જવાય, મનની આંખોએ સંકલ્પ લે તું,
મન પર અંકુશ જ્ઞાને રાખીને, મનનો શેઠ વ્યવહારે બન તું,

મનના ઊંડાણે પવિત્ર ને આસુરી શક્તિ વસે, નોંધ રાખ તું,
નવી દ્રષ્ટિ પ્રદાન મનથી કરજે, લક્ષ્ય પામવા પ્રેરિત થજે તું,

સુસંસ્કારને જાળવી રાખજે, ચંચળ મન કાબુમાં રાખજે તું,
વાંચન સારું રાખજે તું, સારા વર્તને માણસાઈ જાળવજે તું,

સ્વઆત્મચિંતને ઓળખીને ચાલજે, આત્મવિકાસ કરજે તું,
ધ્યાન-પ્રાર્થના થકી મનની આંખોએ, સંવેદનાને સજાવજે તું,

ટૂંકુ મન રાખીને ચાલીશ નહીં, મનની આંખોએ નિહાળજે તું,
મનની આંખોથી મોટાઈને ટકાવજે, શિખરે ઝળહળીશને તું?,

છીપરૂપી આંખોએ મનને વલોવજે, મીંઢુ મન તારું બને નહીં,
મોતીરૂપી મનની આંખોએ, પવિત્રતાને હૃદયે સ્વીકારજે અહીં,

'તન્મે મન શિવસંકલ્પમસ્તુ'થી, પ્રભાવે ઘાવ રૂઝાવજે અહીં,
'ઝરૂખો' કહે મનની આંખોએ, ઉત્તમ જીવનને જીવજે અહીં.

-દિલીપ સી. સોની ' ઝરૂખો' અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : મનની આંખો
શીર્ષક : તરસ્યો જીવ
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૪૬

છેલ્લા કેટલાક વર્ષોથી, જેમ ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવના ખેંચાણના કારણે ધરતી નારંગી જેવી ચપટી થઈ ગઈ હોય, એમજ બે પાયે ખેંચાઈને પહોળા થઈ ગયેલ ખાટલામાં, જેમ વડની વડવાઈઓ છેક ડાળી પરથી લટકીને નીચે ભોંયમાં ભરાઈ જવા મથી રહી હોય, એમ ખાટલાના તૂટી ગયેલા વાણ જમીનમાં કંઈક ખોતરતા હતા, એક કંતાની કોથળાને નાના-નાના ગલૂડિયાં પગના નોર મારી, પોતાના દાંતથી ખેંચી-ખેંચીને ચીંથરેહાલ કરી નાખ્યું હોય એવાજ એક ગંધાતા, વાસી અને ઉબાઈ ગયેલા ગોદડાંમાં લપેટાઈને, એક બાપ શરીરથી ખેંચાઈને, જીવ બે બાજુ જવા મથતો હોય એવી હાલતમાં, બે ઘૂંટ પાણીના પ્યાલા માટે દીકરાને કરગરતો હોય, ત્યારે પોતાની મસ્તીમાં કોઈના વાડ-વેલા ભાંગતો, ગામની વચોવચ્ચ જાણે કેફમાં મદમસ્ત ચાલતા સાંઢની માફક, બેફિક્ર દીકરો એક હાથમાં ઠંડા પાણીની સ્ટીલની બોટલ અને બીજા હાથે લક્ઝરીયસ ગાડીની ચાવી આંગળીના ટેરવે ફેરવતો, બહાર નીકળતી વખતે નોકર મનુને કહેતો ગયો કે, તારા ઘડામાંથી એક ગ્લાસ પાણી ભરી આપ. ત્યારે એની માએ માત્ર રડવાનો અવાજ પારખીને, હજારો લોકોની શરમ રાખ્યા વગર, ભૂખ્યા પેટે પણ દૂધથી ભરાઈ આવેલા છાતીના પડખામાં નાખીને ધાવણ ધવડાવી, એક આંશુ આવે એની પહેલા એની ભૂખને સંતોષી હતી. એ યાદ કરતા મનોમન બબડ્યો કે દીકરા, તારી આંખે લગાવેલા કાળા ચશ્માનો વાંધો નઈ, પણ તારા હૈયાનાં ખોટા અહમ, અને તારા દલડાની આગળ ઝામી ગયેલા નફરતના પરદાને થોડોક સંકેલીને તારી મનની આંખે એક વખત મારી હાલત સામે જોઈલે દીકરા, તારા ભૂતકાળમાં ઝાંખીને જોઈલે, તારા ભવિષ્યની નાવ હાંકનાર, તારા જીવતરની નાવનો ખલાસી સમો તારો બાપ આજે પાણી માટે તરસે છે.

કોઈ જુએ પત્થરમાં દેવ, કોઈ કહે છે ઠેસ.
દીસે ના કોઈના દુઃખ, એ જીવતર કાળું મેસ.

કકળાટ કરી, વલોપાત કરી, લડી-ઝગડી, પણ સાથે રહી, જીવનના એકાએક પડાવમાં સાથ આપી ચૂકેલી, અને ખરા સમયે થોડાક દિવસ પહેલા આંખરી મંજિલે પહોંચી ગયેલી, તેની જીવનસંગિની યાદ આવે છે, અને રડતા રડતા એને યાદ કરતા માત્ર ફરિયાદ કરતો હોય છે કે, જીવનમાં મને એકલતા ના અનુભવાય, ક્યાંક રસ્તામાં થાકી ના જવાય, હારી ના જવાય, દુઃખોની સામે લડતા મરીના જવાય માટે હું તને પરણીને લાવેલો, ને તું ભવેભવના બંધનમાંથી છૂટીને, આમ રજડતો મૂકીને, આ આપણા કહેવાતા પારકાની વચ્ચે રખડતો મૂકીને, આ ડરામણા દુઃખો વચ્ચે મને એકલો મૂકીને જતી રહી...!!

પત્ની વિના જીવન શ્રેષ્ઠ, કહેતા ફરે ભગત,
વિધુર હૈયે કોઈક દી', ભાળી જુવો જગત.

શૈલેષ ભોઈ "શૈલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**
વિષય : મન ની આંખો...
શીર્ષક : તો દર્શન અધુરા રહી
આભાર - નિહારીકા રવિયા જશે..
પ્રકાર - પદ્ય શબ્દો : ૧૨૪

મનની આંખ બંધ રાખશો તો, દર્શન અધુરા રહી જશે,
અંતરપટના દ્વાર બીડાવશો તો, દર્શન અધુરા રહી જશે.

કામ ક્રોધ, ઈર્ષા અગ્નિ આ બધું ઘરે જ મુકીને આવજો,
જો મગજમાં ભરી લાવશો તો, દર્શન અધુરા રહી જશે.

ક્યારેક આંખો ખુલ્લી રાખી ને ઈશ્વરની આંખમાં ઝાંકો,
દષ્ટિ અવળી તમે દોડાવશો તો, દર્શન અધુરા રહી જશે.

અભરખાના પગરખા ઉતારો મંદીર ના આંગણામાં તમે,
સુવર્ણ મોજડી માથે મુકશો તો, દર્શન અધુરા રહી જશે.

કેવળ ધજાના દર્શન કરી ને ધન્ય થઈ જાવ નહી દોસ્ત,
ગર્ભ દ્વાર સુધી ના પહોચશો તો,દર્શન અધુરા રહી જશે.

પખાળજો ચરણો પ્રભુના આંખથી નિર્મલ અશ્રુ વહાવી,
મગરના આંસુ જો વહાવશો તો, દર્શન અધુરા રહી જશે.

"મિત્ર" આકાર પુજો કે નિરાકાર આસ્થા ઈશમાં રાખજો,
જો ભીતર રમખાણ જગાવશો તો,દર્શન અધુરા રહી જશે.

વિનોદ સોલંકી મિત્ર. લખતર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 351**
વિષય:મનની આંખો શીર્ષક: શોધું છું
પ્રકાર: પદ્ય શબ્દો: ૭૧
કોરા કાગળમાં તને શોધું છું,
નયન મારા છલકાયા તને શોધું છું.

પ્રેમના દરિયો ને મોજામાં શોધું છું,
શ્વાસે શ્વાસે વિશ્વાસ શોધું છું.

બંધ નયનને મારા અધુરા ખ્વાબ શોધું છું,
સવાલ બનીને તારો જવાબ શોધું છું.

રોજ નવા શબ્દો નું સુંદર સર્જન શોધું છું,
કહેવું છે ઘણું પણ રોજ તને શોધું છું.

સમી સાંજે ધૂંધળા પ્રકાશમાં તને શોધું છું,
મનની આંખો છલકાય એવો પ્રેમ નો દરિયો શોધું છું.
જયશ્રી વાઘેલા(મુંબઈ)

# ભારતમાં દર નવમાંથી એક વ્યક્તિને કેન્સર થવાનું જોખમ, તમાકુ અને ખરાબ જીવનશૈલી છે જવાબદાર

દેશમાં કેન્સરના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના નેશનલ કેન્સર રજિસ્ટ્રીના આંકડાઓ અનુસાર, ૨૦૨૩માં કેન્સરના ૧૪,૯૬, ૯૭૨ દર્દીઓ નોંધાયા હતાં. ૨૦૨૫માં કેન્સરના દર્દીઓની સંખ્યા ૧૦ ટકા વધવાની ભીતિ છે. કેન્સરનો સૌથી વધુ ભોગ યુવાનો બની રહ્યા છે. જેમાં પુરૂષોમાં ફેફસાં અને મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સરનું પ્રમાણ વધ્યું છે. આ સિવાય ૧૪ વર્ષ સુધીની વયમાં લિમ્ફોઈડ લ્યૂકેમિયાનું જોખમ વધ્યું છે.

આજે વર્લ્ડ કેન્સર ડેના ભાગરૂપે જારી કરવામાં આવેલા આઈસીએમઆર રિપોર્ટ અનુસાર, ભારતમાં બદલાતી જીવનશૈલીના કારણે દર નવમાંથી એક વ્યક્તિને કેન્સર થવાની સંભાવના છે. કેન્સરના દર્દીઓની




સંખ્યા પણ ૧૦ ટકાના દરે વધવાની ભીતિ છે.

હેલ્થ એક્સપર્ટના જણાવ્યા અનુસાર, ભારતમાં ૪૦ ટકા કેન્સર ધ્રુમપાનના લીધે થાય છે. ભારતમાં તમાકુનું સેવન કેન્સરનું સૌથી મોટુ કારણ છે. જો લોકો તમાકુથી અંતર જાળવે તો આશરે ૧૦ ટકા લોકોને કેન્સરના જોખમથી બચાવી શકાય.

મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સરનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ૩૦ વર્ષ બાદ રૂટિન ચેકઅપના અભાવે તેમજ સામાન્ય દુખાવાની અવગણનાના કારણે બ્રેસ્ટ કેન્સરથી મૃત્યુ પામતી મહિલાઓની સંખ્યા પણ વધી છે. જેની પાછળનું કારણ ખરાબ જીવનશૈલી અને આનુવંશિક છે. બ્રેસ્ટ કેન્સરથી બચવા ૨૫ વર્ષની વયથી જ મહિલાઓએ રેગ્યુલર તપાસ કરાવવી જોઈએ.

આંતરડાંના સૌથી નીચલા હિસ્સાથી માંડી ગુદામાર્ગ સુધી ફેલાતું કેન્સર કોલોન કેન્સર તરીકે ઓળખાય છે. યુવાનોમાં કોલોન કેન્સરનું જોખમ વધ્યું છે. અલહેલ્ધી લાઈફસ્ટાઈલ, મેદસ્વિતા, કસરતનો અભાવ અને આલ્કોહોલના વધુ પડતાં સેવનના કારણે કોલોન કેન્સર થાય છે.

કેન્સરથી બચવા માટે સ્વાસ્થ્યવર્ધક જીવનશૈલી અપનાવવી જોઈએ. ધ્રુમપાન, આલ્કોહોલથી દૂર રહેવું જોઈએ. મહિલાઓએ ૨૫ વર્ષની વય બાદ નિયમિતપણે પોતાનું ચેકઅપ કરાવવુ જોઈએ. જેથી કેન્સરનું વહેલું નિદાન થાય. પુરૂષોએ પણ દર છ મહિને પોતાનું ફૂલ બોડી ચેકઅપ કરાવવુ જોઈએ. જેથી કેન્સર ઉપરાંત અન્ય બિમારીઓ વિશે જાણકારી મેળવી સારવાર લઈ શકાય. વધુ માહિતી માટે ડોક્ટર કે આરોગ્ય નિષ્ણાતોની સલાહ લેવી જોઈએ.

# અચાનક સાંભળવાનું બંધ થવાના આનુવંશિક રોગમાં બે વર્ષમાં વધારો, મહિલાઓને સૌથી વધુ અસર

પરેશભાઇને ૫૦ વર્ષની ઉંમરે અચાનક જ કાનમાં બહેરાશ આવી ગઈ, સંભળાતું બંધ થઈ ગયું. ઉંમરના આ તબક્કે હિયરિંગ એઇડ્સ પણ મદદ કરી શકે તેમ નહોતી. સાંભળી ન શકવાની ક્ષમતાના કારણે તેઓ તણાવમાં મુકાયા અને લોકો સાથે ઝઘડા કરવા લાગ્યાં. આખરે ડૉક્ટરે તેમને જણાવ્યું કે, તેમને આનુવંશિક કાનનો રોગ છે. પરેશભાઇનો આ કેસ ભલે કાલ્પનિક હોય પણ અચાનક સાંભળવાનું બંધ થઇ જાય તેવા આનુવંશિક રોગમાં સતત વધારો થઇ રહ્યો છે. આનુવંશિક કાનના રોગના મોટાભાગના કેસમાં સાંભળવાની નસ સામાન્ય હોવા છતાં મગજ સુધી અવાજ લઇ જતાં કાનની અંદરના કોક્લિયા ધીરે-ધીરે બ્લોક થાય છે અને અમુક સમય બાદ તે વ્યક્તિનું સાંભળવાનું સદંતર બંધ થઇ જાય છે. આ રોગના અંતિમ ઈલાજ



તરીકે કોક્લિયર ઈમ્પ્લાન્ટનો વિકલ્પ છે. કાનનો આનુવંશિક રોગ મહિલાઓને સૌથી વધારે અસર કરે છે. તેમાં ૬૦ ટકાથી માંડી ૧૦૦ ટકા સુધીની બહેરાશ આવી જાય છે, જેથી સામાજીક જીવન ઉપર અસર પડે છે.

જેનો ઈલાજ હિયરિંગ એઇડ્સ છે અને તેનાથી ન સંભળાય તો કોક્લિયર ઈમ્પ્લાન્ટ કરાવવો પડે છે. આ અંગે સોલા સિવિલ હોસ્પિટલનાં ઈએનટી વિભાગનાં હેડ-પ્રો. નીના ભાલોડિયાએ જણાવ્યું કે, 'બહેરાશ આવવાના ઘણા કારણો છે. તેમાં બહેરાશનું પ્રમાણ છેલ્લા બે વર્ષથી વધી રહ્યું છે, તેમાં પણ ખાસ ૧૫થી ૩૫ વયની વ્યક્તિમાં આ લક્ષણ વધુ જોવા મળે છે. જેમાં ૧૧ ટકા કેસ સંપૂર્ણ બહેરાશના છે. એટલે કે, ૧૦૦ લોકો બહેરા હોય તો તેમાંથી ૧૧ને આનુવંશિક રોગના કારણે ધીરે-ધીરે કે અચાનક બહેરાશ આવે છે. આ જન્મજાત આનુવંશિક રચના ધરાવતી વ્યક્તિને જીવન દરમિયાન પ્રોગ્રેસિવ બહેરાશ આવતી હોય છે અને તે કોઇ હાઈ ઈન્ટેન્સિટીવાળી રમત અથવા કાર્ય કરે તો તેની સડન બહેરાશમાં પરિણમે છે. ઈએનટી વિભાગમાં આ પ્રકારના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. દરેક ઓપીડીમાં બહેરાશવાળા દર્દીમાંથી એક દર્દી તો આ રચનાને કારણે બહેરું થતું હોય છે. સોલા સિવિલમાં જ છેલ્લા બે વર્ષમાં ૧૦૭જેટલા દર્દી આવ્યા છે. આપણા સમાજમાં બહેરાશની ચિંતાને હંમેશાં હાસ્યનું માધ્યમ ગણવામાં આવે છે. જેના કારણે બહેરાશની સમસ્યા અંગે ડૉક્ટરની સલાહ લેવાનું પણ ટાળે છે. સાંભળવામાં સહેજ પણ સમસ્યા લાગે તો વ્યક્તિએ તાકીદે ઈએનટીનો સંપર્ક કરવો જોઇએ. જેમ દ્રષ્ટિમાં ઉણપ આવે તો તેના માટે આંખે ચશ્મા પહેરીએ છીએ તેવી જ રીતે સાંભળવામાં સમસ્યા નડે તો તેના માટે હિયરિંગ એઇડ્સ સહિતના વિવિધ વિકલ્પો છે.'

## અમદાવાદના આશ્રમરોડ ખાતે આવેલ જીસીસીઆઈ ખાતે

# કેન્દ્રિય રાજયમંત્રીશ્રી ડો.જીતેન્દ્રસિંહજીએ કેન્દ્રિય બજેટ ૨૦૨૫ સંદર્ભે બુદ્ધીજીવીઓ સાથે ચર્ચા કરી પ્રેસ કોન્ફરન્સને સંબોધી



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, કેન્દ્રિય બજેટ ૨૦૨૫ સંદર્ભે અમદાવાદના આશ્રમરોડ ખાતે આવેલ જીસીસીઆઈ ખાતે કેન્દ્રિય રાજય મંત્રીશ્રી ડો. જીતેન્દ્રસિંહજીએ બુદ્ધીજીવીઓ સાથે બજેટ સંદર્ભે ચર્ચા કરી હતી ત્યાર પછી પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ સહ પ્રવકતાશ્રીઓ પ્રેરકભાઇ શાહ તેમજ શ્રી જૈનિકભાઇ વકિલ,ડો.શ્રદ્ધા રાજપુત, પ્રદેશ મીડિયા વિભાગના સહ કન્વીનવરશ્રી ઝુબિનભાઇ આશરા ઉપસ્થિત રહ્યા હતા.

ડો.જીતેન્દ્રસિંહજીએ માહિતી આપતા જણાવ્યું કે, કેન્દ્રીય નાણામંત્રીશ્રી નિર્મલા સિતારમણજી દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ સંસદમા રજૂ થયુ હતું જે વિષય પર આજે જીસીસીઆઇ ખાતે બુદ્ધીજીવી વ્યકિતિઓ સાથે બજેટ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બજેટ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિકસીત ભારતના વિઝનને રજૂ કરતુ બજેટ છે. આ બજેટ ફ્યુચરીસ્ટીક,રિવોલ્યુશન અને બોલ્ડ બજેટ છે. બજેટ તમામ વર્ગના લોકોને ધ્યાને રાખીને રજૂ થયું છે. કરદાતાઓને બજેટમાં ઘણી મોટી રાહત આપવામાં આવી છે જે ૨૦૧૪ પહેલા કેટલી હતી અને મોદી સાહેબની સરકાર પછી કેટલી કરરાહત આપવામાં આવી છે તેની વિસ્તૃત ચર્ચા કરી હતી. આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબના નેતૃત્વમાં ભારત વર્ષ ૨૦૪૭ સુધીમાં ૧૦૦ ગીગાવોટ ન્યુક્લીયર એનર્જીનું ઉત્પાદન કરશે તેવો વિશ્વાસ છે. વડાપ્રધાન મોદી સાહેબના નેતૃત્વમાં ભારતની અર્થવ્યવસ્થા મજબૂત થઇ રહી છે, અને વિશ્વના દેશો પણ માને છે કે મોદી સાહેબના નેતૃત્વમાં ભારત વિકસીત રાષ્ટ્ર બનશે.આ બજેટ થી ભારતની શાખ વધી છે અને આવનાર સમયમાં ભારત અન્ય દેશો માટે પ્રેરણારૂપ બનશે તેવો વિશ્વાસ છે. મોદી સાહેબના નેતૃત્વમાં ભારતે કોરોના સમયે ખૂબ સારી લડત આપી છે. દેશમાં આજે મેડિકલ કોલેજો વધી છે. બજેટ થી દરેક વર્ગનો એક જ સરખો વિકાસ થાય તેવો પ્રયાસ કરવામાં આવશે.

## નગરપાલિકા ચુંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન ભાજપ પૂર્વ સંગઠન મંત્રી અતુલભાઈ દીક્ષિત ના હસ્તે કરવામાં આવ્યું



ખેડબ્રહ્મા નગરપાલિકા ચૂંટણી પ્રચાર માં ભાજપના ઉમેદવારો ને ચૂંટણી જીતવા પ્રોત્સાહન માટે મુલાકાત લીધી અને વોર્ડ નંબર -૫ ના કાર્યાલય નું ઉદઘાટન ભાજપ પૂર્વ સંગઠન મંત્રી અતુલભાઈ દીક્ષિત ના હસ્તે કરવામાં આવ્યું. સાથે જિલ્લા મહામંત્રી લુકેશ સોલંકી, જિલ્લા ઉદ્યોગસેલ કન્વિનર પ્રફુલભાઈ વ્યાસ(કાથાવાલા),,જિલ્લા મહીલામોરચા ઉપાધ્યક્ષ મનિષાબેન પંડિત,ખેડબ્રહ્મા શહેર પ્રમુખ બ્રિજેશ બારોટ, ,ખેડબ્રહ્માપૂર્વ પ્રમુખ સુરેશ પટેલ, બ્રહ્મસમાજ જિલ્લા પ્રમુખશ્રી મનોજભાઈ પુરોહિત, બ્રહ્મસમાજ જિલ્લા મહામંત્રીશ્રી ચેતનભાઈ જોષી તથા હોદ્દેદારો એ નગર નાં બધાજ ઉમેદવારો ને પ્રોત્સાહન પૂરું પાડ્યું..

## ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા સંચાલિત ગુજરાત પાવર એન્જિનિયરિંગ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ કોલેજની સેન્ટ્રલ લાઈબ્રેરી દ્વારા "પુસ્તક પ્રેમ પર્વ" અંતર્ગત એક સમૂહ વાંચન કાર્યક્રમ યોજાયો

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા સંચાલિત ગુજરાત પાવર એન્જિનિયરિંગ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ કોલેજની સેન્ટ્રલ લાઈબ્રેરી દ્વારા "પુસ્તક પ્રેમ પર્વ" અંતર્ગત એક સમૂહ વાંચન કાર્યક્રમનું આયોજન ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના તમામ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહિત કુલ ૩૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ કોલેજના આચાર્ય ડો. ચિરાગ વિભાકર હતા, જેમણે વિદ્યાર્થીઓને પુસ્તક વાંચનના મહત્વ અને તેના ફાયદાઓ વિશે જણાવ્યું. તેમણે વિદ્યાર્થીઓને મોબાઈલથી દૂર રહીને પુસ્તકો સાથે નિત્યપ્રતી સંબંધ જાળવવા અને જ્ઞાનાર્જન માટે વાંચનને જીવનનો અભિન્ન ભાગ બનાવવા પ્રોત્સાહિત કર્યું. તેમણે જણાવ્યું કે, "પુસ્તકો એ જ્ઞાનનો ભંડાર છે અને તેમની સાથેનો સંબંધ આપણા માનસિક વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. મોબાઈલના ડિજિટલ વિશ્વથી થોડો સમય દૂર રહીને પુસ્તકોમાં ડૂબકી લગાડવી જોઈએ."આ કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો. ચિરાગ વિભાકરના માર્ગદર્શન હેઠળ ગ્રંથપાલ શ્રી ભાર્ગવ નાઈ અને પ્રોફેસર ધવેન રૂઘાણી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિવિધ પુસ્તકો પર ચર્ચા અને પુસ્તકોના મહત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું. આ સમૂહ વાંચન કાર્યક્રમની પહેલ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી હતી, જેમાં



ગુજરાતની અન્ય ઘણી કોલેજો પણ જોડાઈ હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં વાંચન પ્રત્યેની રુચિ વધારવાનો અને મોબાઈલના વધુ પડતા ઉપયોગથી દૂર રાખીને પુસ્તકો તરફ આકર્ષિત કરવાનો રહ્યો હતો. કાર્યક્રમના અંતે આયોજકોએ કાર્યક્રમની સફળતા માટે સહભાગી વિદ્યાર્થીઓ, સ્ટાફ મિત્રો, કમિટીના દરેક સભ્યો અને આચાર્ય ડો. ચિરાગ વિભાકર સાહેબનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સફળ આયોજન માટે જીટીયુના રજિસ્ટ્રાર. કે.એન.ખેર સાહેબ તથા માન. વાઈસ ચાન્સેલર ડો.રાજુલ કે. ગજ્જર મેડમ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ડિઝાયર ફાઉન્ડેશન દ્વારા દ્વિતીય સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન શાહિબાગ કેન્ટોમેન્ટહૉલ ખાતે આયોજન



ડિઝાયર ફાઉન્ડેશન દ્વારા દ્વિતીય સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન શાહિબાગ કેન્ટોમેન્ટહૉલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં સર્વ જ્ઞાતિ પાંચ યુગલો જોડાયા હતા જેમાં મહેમાન અમદાવાદ ના મેયર શ્રી પ્રતિભાબેન જૈન. જય માડી કૈયલ ધામ અનિકેત માડી.ને ગુજરાત પ્રદેશના એસ.સી મોરચાના પ્રમુખશ્રી ગૌતમભાઈ ગેડિયા મહામંત્રી વિક્રમભાઈ ચૌહાણ તથા સમાજ સેવક શ્રી કેશવભાઈ થલોટીયા ને અમદાવાદ શહેરના એસ.સી મોરચાના મહામંત્રી વિજયભાઈ સોલંકી ને વગેરે મહાનુભાવો હાજરી આપી હતી. ભોજન ના દાતા શ્રી સોલંકી પરીવાર ભાડજ જય માડી ફાર્મ ને આયોજક ડિઝાયર ફાઉન્ડેશન પ્રમુખ શ્રી ગૌતભાઈ મિસ્ત્રી રાષ્ટ્રપતિ પુરસ્કાર સન્માનિત ગુજરાત પ્રદેશ સહ-સંયોજક આઇ.ટી સેલ એસ.સી મોરચા બીજેપી

# ગૌતમ અદાણીની કંપની ઉપર મોદી સરકાર વધુ એકવાર મહેરબાન. : મનહર પટેલ

લંડનનુ પ્રસિદ્ધ અખબાર ગાર્ડીયન એક અહેવાલ પ્રસિદ્ધ કરે છે કે ગુજરાતની ભુમિ ઉપર વેપારી અદાણીની માંગણીને ગુજરાત સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ મુકી, ભારત – પાકિસ્તાન સીમાના ૧કીમી મા ૩૦ ગીગા વોટ સૌર ઉર્જા અને પવન ઉર્જા ઉત્પાદન માટે અદાણી કંપનીને ૪૪૫ ચો.કીમી જમીન મોદી સરકારે ફાળવી. ગુજરાત સરકારની આ અંગે રાજયસભામા વિપક્ષના નેતા અને કોંગ્રેસ અધ્યક્ષ શ્રી મલ્લીકાર્જુન ખરગે અને લોક્સભામા સાંસદ શ્રીમતિ પ્રિયંકા વાડરા ગાંધીએ મોદી સરકારને સવાલ કર્યો કે આ લંડનના અખબારમા પ્રસિદ્ધ થયેલ સમાચાર સાચા છે કે ખોટા ? ભારતના સંરક્ષણના પ્રોટોકોલ અને કાયદા મુજબ ભારત સરકાર ચીન,બાગ્લાદેશ,પાકીસ્તાન,મ્યાનમાર અને નેપાળની સીમાથી ૧૦ કીમી ની હદમા કોઇ ખાનગી પેઢીને જમીન ફાળવી શકે નહી આમ છતા અંદાણીને ૪૪૫ ચો.કી જમીન પાકીસ્તાન સીમાની એક કીમીની હદમા ફાળવી દીધી છે, જવાબ આપો..

ગાર્ડીયનના અહેવાલ મુજબ આ અંગે ભારત સરકારના ડિફેન્સ મિનિસ્ટ્રીના અધિકારીઓએ વિરોધ નોંધાવ્યો હોવા છતા મોદી સરકારે કાયદાને અવગણીને અને ભારતની સુરક્ષાની ઐસી તૈસી કરીને આ નિર્ણય કર્યો છે, અને આ રીપોર્ટ ખોટો હોય તો મોદી સરકાર ગાર્ડીયન ઉપર પગલા ભરવા માંગે છે કે કેમ ?

ભારત સરકારના લશ્કરી અધિકારીઓએ તો વાંધા લીધા છે પરંતુ નિવૃત કર્નલ અજય શુકલા તેમજ નિવૃત લેફ.જનરલ અશોક મહેતા કહે છે કે આ ખતરનાક બાબત છે અને જો આ અહેવાલ સાચો હોય તો દેશની સુરક્ષા માટે ખુબ મોટા ભયસ્થાન ઉભા કરનારો છે.ભારતીય જનતા પાર્ટીના ચેરમેનવાળી લોકસભાની સ્ટેન્ડીંગ કમીટીનો રીપોર્ટ કહે છે ભારત પાસે આજે ૧૦ દિવસથી વધુ યુદ્ધ લડી શકીએ તેટલી યુદ્ધ સામગ્રી નથી, અને આ રીપોર્ટ ઉપર નિવૃત લેફ.જનરલ અશોક મહેતાએ કહ્યુ કે મોદી સરકાર આ સ્ટેડીગ કમીટીના રીપોર્ટને ધ્યાને લેતા નથી.જે તેના કરતા પણ વધુ ગંભીર બાબત છે, આવી સ્થિતિમા દેશની સરહદ ઉપર ૧ કીમી મા ૪૪૫ ચો કીમી જમીન કોઇ ખાનગી પેઢીને ફાળવી દેવાનો નિર્ણય રાષ્ટ્રીય સુરક્ષાના ગંભીર જોખમો ઉપસ્થિત કરનાર છે માટે દેશની સુરક્ષાને ધ્યાન રાખીને અદાણીને ફાળવવામા આવેલ ૪૪૫ ચો કીમી જમીન ફાળવણી રદ્ કરવામા આવે.

તત્કાલિન મુખ્યમંત્રીશ્રી મોદીએ ૨૦૧૪ પહેલા અનેકવાર કોંગ્રેસની યુપીએ સરકાર સામે સર ક્રિક - રામ સેતુ - બાંગ્લાદેશી ઘૂસણખોરો - ભારતની સરહદમાં ચીનના ઘુસવા અંગેના રાષ્ટ્રીય સુરક્ષાના ગંભીર આક્ષેપો કર્યા હતા,હકીકત દેશ સામે આવી ગઈ કે સત્તાની ભુખ સંતોષવા ભાજપાના નેતાઓએ દેશની જનતાને કેટલી ભ્રમિત કરી હતી, અને ૨૦૧૪ થી મોદી સરકાર સત્તામા આવ્યા પછી આ અગીયાર વર્ષમા આ પૈકી એક પણ મુદ્દો પ્રધાનમંત્રીની જીભ ઉપર નથી આવ્યો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા શ્રી મનહર પટેલ જણાવ્યુ કે આજે દેશની તમામ સીમા ઉપર પાડોસી દેશોનો દુશ્મનભાવનો ડોળો મંડાયેલો છે ત્યારે મોદી સરકાર અદાણીને પાકીસ્તાન સીમાના નજીક ૧૦ કીમીની હદમા કાયદા સુરક્ષાના પ્રોટોકોલ વિરુદ્ધ ૪૪૫ ચો કીમી જમીન ફાળવળીનો નિર્ણય દેશ માટે ઘાતક છે. તેની સાથે આ અંગે સંસદમા મોદી સરકાર પોતાનો રવૈયો સ્પષ્ટ કરે અને રાષ્ટ્રીય સુરક્ષના ભોગે કોઇપણ પગલુ કેન્દ્ર સરકાર ન ભરે તેવી માંગ કરી છે.

# કેન્દ્ર સરકાર સત્તા બચાવવાની મથામણમાં દેશના વિકાસ, વિત્તીય વ્યવસ્થાપન અને વિદેશનીતિની દિશા ખોઈ બેઠી

કેન્દ્ર સરકાર સત્તા બચાવવાની મથામણમાં દેશના વિકાસ, વિત્તીય વ્યવસ્થાપન અને વિદેશનીતિની દિશા ખોઈ બેઠી છે. તેવામાં ગુજરાત અને દેશની આર્થિક વ્યવસ્થા પર થનાર અસર અંગે ચિંતા વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રીશ્રી જયનારાયણ વ્યાસએ જણાવ્યું હતું કે ગરીબ, યુવાન, ખેતી અને ખેડૂત ગ્રામ વિકાસ જેવા શબ્દો મોદી સરકારના શબ્દકોષમાંથી ખોવાયા છે. બજેટના ઉદ્દેશમાં ‘રાઈઝીંગ મીડલ ક્લાસ’ લખ્યું છે, પણ હકીકતમાં તો મધ્યમવર્ગ સંકોચાઈ રહ્યો છે. એના હાથમાં ખરીદી માટે વધુ નાણા મૂકશો એ વાત તર્કસંગત છે ખરી? ભારતના મધ્યમવર્ગની ખર્ચ કરવાની શક્તિ વધારવી સાથે સીધી રીતે સુસંગત હોય એના કરતાં ફિલોસોફિકલ હોય તેવી વાતો વધુ કરવામાં આવી છે. ફુગાવો વધે તેમ જીએસટીમાં રાહત મળવી જોઈએ, એના બદલે ભાવ વધે તેમ જીએસટીનો બોજ પણ વધે. સરકાર મોંઘવારી કાબૂમાં રાખી શકે નહીં તો એનો બોજ ખાસ કરીને ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગ જે ભેગા થઈને ૯૭ ટકા જીએસટી ભરે છે, એના ઉપર શા માટે નાખવાની?

માઈક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પુનઃજીવિત કરવાની વાત કરવામાં આવી છે, પણ મૂળ પ્રશ્ન લઘુઉદ્યોગની વ્યાખ્યા બદલી ૧૦૦ કરોડનો ટર્નઓવર કરવામાં આવી. કયો લઘુઉદ્યોગ ૧૦૦ કરોડના ટર્નઓવરવાળો હોઈ? એ સવાલ છે. અગાઉની જેમ એને મશીનરીમાં રોકાણ સાથે જોડવું પડશે અને લઘુઉદ્યોગ જે ઉત્પાદનો બનાવી શકે તેને ખાસ પ્રોત્સાહનો આપવા પડશે. કૃષિ સમૃદ્ધ બને, ખેડૂતને માટે એ પોષણક્ષમ બને, મૂડીપ્રચૂર નહીં પણ શ્રમપ્રચૂર ઉદ્યોગોને પ્રોત્સાહન મળે જેથી રોજગારી ઊભી થાય અને જે થકી વળી પાછો મધ્યમવર્ગ વિકસિત બને, એવા કોઈ ઉદ્દેશો સાથે બજેટ સુસંગત નથી. દેશમાં ૧૩૦ કરોડની વસ્તીમાં કુલ આવકવેરાના રીટર્ન ભરાયા તેમાંથી ૫.૫૮ કરોડ એટલે કે, ૬૯.૫ ટકા શૂન્ય ટેક્ષ જવાબદારી સાથેના હતા એટલે કે આમેય જે રીટર્ન ભરે છે, એમાંથી ૩૫ ટકા કરતા વધારેને ટેક્ષ ભરવાનો થતો નથી તો આ બાર લાખની આવક સુધી ઈન્કમટેક્ષમાંથી મુક્તિ આપવાની રોમાંચક કલ્પના નાણામંત્રીએ કરી છે તે કોના લાભાર્થે છે? શું એના થકી મધ્યમવર્ગના હાથમાં વધારે આવક મૂકી શકાશે ખરી? આમ, સામાન્ય માણસના હાથમાં ઈન્કમટેક્ષના લાભ જશે એવી એક છેતરામણી જાહેરખબર આ બજેટ કરે છે, એમાં કેટલું તથ્ય છે?

મનરેગામાં ઘટાડેલ / સ્થગિત ફાળવણી – ગ્રામ્ય રોજગારી અને ગ્રામ્ય ગરીબોને નુકસાન - સરેરાશ વાર્ષિક ૧૦૦ દિવસ રોજગારી આપવાની ખાતરી સામે અરધી રોજગારી જ અપાય છે. મનરેગા દુનિયાની મોટામાં મોટી રોજગારીની ખાતરી આપતી યોજના છે અને ગ્રામ્ય બેરોજગારી સામે એક અસરકારક હથિયાર છે. ૨૦૨૨ના નાણાકીય વર્ષમાં એ માટેની જોગવાઈ ૧ લાખ ૧૦ હજાર કરોડથી ઉપર હતી જે ૨૦૨૪-૨૫ના સુધારેલા અંદાજ પ્રમાણે ૮૬ હજાર કરોડ થઈ ગઈ. આને કારણે ઘણા કામદારોને નાણા ચુકવણી ઘાંચમાં મુકાઈ. મોદી સરકારનો અભિગમ ગ્રામ્ય બેરોજગારીને નજરઅંદાજ કરવાનો રહ્યો છે. લોકસભાની સ્ટેન્ડિંગ કમિટીએ તૈયાર કરેલ અહેવાલ ‘રૂરલ એમ્પ્લોયમેન્ટ થ્રુ મનરેગા’માં અવલોકન કરવામાં આવ્યું છે કે ૨૦૨૩-૨૪ દરમિયાન મૂકવામાં આવેલ બજેટ કાપ તર્કહીન છે. આ યોજના હેઠળ વર્ષે સરેરાશ ૧૦૦ દિવસની રોજગારી આપવાની બાહેધરી આપવામાં આવી છે તેના બદલે સરકાર ભાગ્યે જ અડધે પહોંચે છે. આમ ગ્રામ્ય રોજગારી અને તેને કારણે ગ્રામ્ય ગરીબી સામે સરકાર બેદરકાર રહી છે. કોઈ પણ ઝડપથી વિકસતી જતી અર્થવ્યવસ્થા જરૂરી આંતરમાળખાકીય સવલતો જેવી કે, રેલવે, માર્ગપરિવહન, હવાઈ સેવાઓ વગેરેનો પૂરતો ટેકો અને સાથ માગે છે. આમાં પણ માર્ગ અને રેલવે બે સેવાઓ એવી છે કે જે દેશની વિશાળ જનસંખ્યાની સેવા કરે છે. ૨૦૨૪-૨૫ના બજેટના સંશોધિત અનુમાન મુજબ રેલવે માટે ૨,૧૨,૭૮૬ કરોડનું અનુમાન છે તે સામે આવનાર વર્ષ ૨૦૨૫-૨૬માં ૨,૧૩,૫૫૨ કરોડ એટલે કે ૭૬૬ કરોડની નગણ્ય વૃદ્ધિ કરવામાં આવી છે. માત્ર ૪ ટકાનો ફુગાવાનો દર ગણીએ તો પણ ફુગાવો અથવા મોંઘવારીને સરભર કરવા માટે ૮૫૦૭ કરોડ જોઈએ. આમ, રેલવેને સરાસર અન્યાય થયો છે અથવા સરકાર રેલવે પણ કોઈને પધરાવી દેવા માગે છે, તેવી શંકા જાય છે.

આપણી અર્થવ્યવસ્થામાં મંદી પ્રવેશી છે. તેની અસરો હવે દેખાવા માંડી છે. પરિણામે સરકારી યોજનાઓ બનાવવાની અને નવી યોજનાઓ લાગુ કરવાની સરકારી ક્ષમતા ઉપર મર્યાદા આવી ગઈ છે અને એનો ભોગ સામાજિક સેવાઓને પણ બનવું પડ્યું છે.

આ બજેટની વાત કરીએ તો ૨૦૨૫-૨૬ માટે મૂડીગત ખર્ચમાં ૧,૦૨,૬૬૧ કરોડની વૃદ્ધિ કરવામાં આવી છે. આમ છતાંય ૨૦૨૪-૨૫માં ૯૨,૨૮૬ કરોડની ખોટ રહી હતી તે જોતાં આ વખતના બજેટની જોગવાઈ પણ વિશ્વાસ મૂકવાનું શક્ય નથી. ૨૦૨૪-૨૫નું રિવાઈઝ અનુમાન અને ૨૦૨૫-૨૬ની બજેટ જોગવાઈઓને જોઈએ તો સરકારે જાણે કે લોકકલ્યાણની પોતાની યોજનાઓ જે ખરેખર આમઆદમી માટે લાભદાયક બની શકે તેના પરનો વિશ્વાસ ખોઈ નાખ્યો છે. આનાં કેટલાક ઉદાહરણોઃ પોષણ યોજના, જલ જીવન મિશન, રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ (એનએસએપી), પ્રધાનમંત્રીએ ગ્રામ સડક યોજના, ફસલ બીમા યોજના, યૂરિયા સબસિડી, પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના.

કહેવાતા નવા રોજગાર સર્જન માટેના કાર્યક્રમો તેમજ સ્કીલ ઈન્ડિયા જેવી યોજનાઓ પર આ સરકારે મોટા મોટા વાયદાઓ કર્યા હતા અને ૨૦૨૪-૨૫ના બજેટમાં ૨૬,૦૧૮ કરોડ તે સામે ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં ૧૫,૨૮૬ કરોડ એટલે કે ૧૦,૭૩૨ જેટલો ઘટાડો ખર્ચમાં થયો છે. મંદીના આ સમયગાળામાં નાણાખાધ ૦.૧ ટકો ઘટાડીને અર્થવ્યવસ્થાને ગૂંગળાવવા કરતાં ૬ ટકા અથવા તેથી પણ વધારે નાણાખાધ રાખીને બજારમાં મૂડીની તરલતા રહે અને વિકાસની સાથે રોજગારીનું પણ સર્જન થાય એમ કરવાની જરૂર હતી.

આવકવેરોની પાત્ર ૬.૮% વસતી જ ભરે છે. મધ્યમ વર્ગ સંકોચાઇ રહ્યો છે.

બજેટ મધ્યમવર્ગની બધી સમસ્યાઓનો ઉકેલ છે એવું નાણામંત્રીએ કહ્યું. હવે જ્યાં કુલ ૬.૮ ટકા વસતી આવકવેરો ભરી શકે એ ઝોનમાં આવતી હોય તો એ તો ઉચ્ચ મધ્યમવર્ગ અને ધન્નાશેઠો જ હોય છે. મધ્યમવર્ગને રાહત કઈ રીતે મળે? ગરીબો માટે તો સબસિડી કે અન્ય રાહત થાય તેવાં પગલાં લેવા જોઈએ, જેમાંનું કંઈ સરકારે કર્યું નથી. મધ્યમવર્ગની બચત અને ખરીદી તેમજ વપરાશ કઈ રીતે વધશે? તે અધ્યાહાર છે. આ દેશમાં મધ્યમવર્ગ સંકોચાઈ રહ્યો છે. એ ઉપર નથી જઈ રહ્યો પણ પેલા પાંચ કિલો મફત અનાજ મેળવનારા ૮૦ કરોડ ગરીબીમાં જીવતા લોકોમાં જોડાઈ રહ્યા છે અને એને કારણે દુનિયાની આ સૌથી મોટી મુક્ત બજારમાં ઘરાકી ઘટી રહી છે. એફએમસીજીથી માંડી મધ્યમવર્ગ ખરીદે તે રેન્જના વાહનોના વેચાણના આંકડા ઘટી રહ્યા છે, જે બતાવે છે કે મધ્યમવર્ગ ખર્ચ નથી કરી રહ્યો કારણ કે તેની પાસે એના માટેની આવક જ નથી. આ વર્ગ સંકોચાઈ રહ્યો છે. એની માથાદીઠ ખર્ચ કરવાપાત્ર આવક ઘટી રહી છે, પરિણામે જીડીપીનો વિકાસદર ઘટી રહ્યો છે.

ભારત વિશ્વનો સૌથી

યુવાન દેશોમાંનો એક છે. અહીંયા ૧૫થી ૫૫ વર્ષ વચ્ચેના વયજૂથમાં ૭૦ ટકા વસતી છે. આ વસતીને જો કામ અને યોગ્ય આવકના સાધનો સાથેનું જીવનધોરણ આપવું હોય તો પ્રથમ આરોગ્યને લાગેવળગે છે ત્યાં સુધી આ બજેટમાં પણ માત્ર ૩ ટકા જેટલી રકમ ફાળવવામાં આવી છે. આજે જાતજાતની યોજનાઓ છતાં પણ કોઈ માણસ બીમાર પડે તો માંદગીમાં દવાઓ તેમજ અન્ય ખર્ચના ૬૦ ટકા એણે પોતાના ગજવામાંથી ભોગવવા પડે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોનો આરોગ્યલક્ષી આંતરમાળખાકીય સવલતો ઊભી કરવામાં અપૂરતા યોગદાનને કારણે ચીરી નાખે તેવા પૈસા વસૂલ કરતી ખાનગી હૉસ્પિટલો ફૂલીફાલી રહી છે.

અર્થવ્યવસ્થાની વિકાસનો દર ધીમો પડી રહ્યો છે. જો સરકાર આ જ રીતે ચાલશે તો ૨૦૨૫-૨૬માં બજટમાં ગમે તે રંગોળીઓ પૂરવામાં આવી હોય જીડીપીનો વિકાસદર ૬થી સાડા ટકા વટાવશે નહીં. જો ભારતને ૨૦૨૭માં તેના રીવાઇઝડ ટાર્ગેટ મુજબ પાંચ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા બનાવવી હોય અને ૨૦૪૭ સુધીમાં વિશ્વની પ્રથમ ત્રણ અર્થવ્યવસ્થાઓમાં લઈ જવી હોય તો સરેરાશ ૮ ટકાનો સ્થિર જીડીપી વૃદ્ધિદર જોઈએ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.